ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ડીયર... વેલેન્ટાઈન ડે પતી ગયો છે... હવે તો બહાર જવા દે...!!

# શ્રીરંગ નેનોસીટીના પાંચ મકાનના તાળા તુટ્યા : ૧.૬૬ લાખની ચોરી

ગાંધીનગર, તા. ૧૪

શહેરના સરગાસણ ગામની સીમમાં સ્થિત શ્રીરંગનેનો સીટી-૨ ફ્લેટના પાંચ મકાનને મોડી રાત્રે તસ્કરોએ નિશાન બનાવ્યા હતા અને મકાનમાં રહેલા રોકડ દાગીના મળી કુલ રૂ. ૧.૬૬ લાખનો મુદ્દામાલ ચોરી કરી અંધારામાં પલાયન થઈ ગયા હતા. આ મામલે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતીમાન કર્યા છે.

શહેરમાં ચોરી, ઘરફોડ ચોરી, વાહનચોરી, લૂંટ, મારામારી સહિતના ગુનાઓમાં વધારો થયો છે. પોલીસે એક સાંધે ને તેર તુટે તેવો ઘાટ ઘડાયો છે. પોલીસ હજુ તો કોઈ કેસની તપાસ શરૂ કરે તે પહેલા જ ચોરો પોતાનુ નવુ કારસ્તાન કરી પલાયન થઈ જાય છે.



શહેરના ખ-ચોકડી પાસે સરગાસણ ગામની સીમમાં શ્રીરંગ નેનોસીટી રહેણાંક વિસ્તાર આવેલો છે. જ્યાં આસપાસ મોટા પ્રમાણમાં નવી નવી ફ્લેટની સ્કીમ આવેલી છે. જ્યાં શ્રીરંગ નેનો સીટીના એક જ બ્લોકમાં તસ્કરોએ પાંચ મકાનના મુખ્ય દરવાજાના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. અને અલગ અલગ મકાનોમાં મળી કુલ રૂ. ૧.૬૬ લાખનો મુદ્દામાલ લઈ પલાયન થઈ ગયા હતા. નવાઈની વાત એ છે કે ચોરી કરવા આવેલા ચોર સીસીટીવી કેમેરામાં આવી ગયા છે. પણ સિક્યુરીટી ગાર્ડને કોઈ ખબર જ નથી.

આ ચોરી મામલે ચિરાગ રમેશભાઈ ખત્રીએ ઈન્ફોસીટી પોલીસમથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી ડૉગ સ્કવોર્ડની મદદથી કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પી.એસ.આઈ. એમ.પી. સોલંકી ચલાવી રહ્યા છે.

## મંગળવારે મુખ્યમંત્રી સાંસદો ધારાસભ્યોને મળી શકશે નહિ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આગામી મંગળવાર તા. ૧૬ ફેબ્રુઆરી-૨૦૧૬ના મુંબઈમાં 'મેઈક ઈન ઈન્ડીયા વીક' અંતર્ગત યોજાનારા ગુજરાત સેશનમાં સમગ્ર દિવસ દરમ્યાન ઉપસ્થિત રહેશે. શ્રીમતી આનંદીબહેન તેમના આ પૂર્વનિર્ધારીત કાર્યક્રમને કારણે મંગળવારે રાબેતા મુજબ ધારાસભ્યો-સાંસદશ્રીઓ નાગરિકોને ગાંધીનગરમાં મુલાકાત આપી શકશે નહિ તેની સંબંધિતોને નોંધ લેવા મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી અજય ભાદૂએ જણાવ્યું છે.

## ખૂણે ખાંચરેથી...

● આગામી ૧૮મી ફેબ્રુઆરીએ ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ રાજેન્દ્ર શુકલ ગાંધીનગરના અતિથી થવાના છે.

● ૧૫મી ફેબ્રુઆરીથી બલરામ ભવન સે. ૧૨ ખાતે સાંજે ૭ તી ૯ સદ્ગુરૂ શિવકૃપાનંદ સ્વામીજી પ્રેરિત સમર્પણ ધ્યાનયોગના વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.

● ૫ા ૅ શાા ૫ ુ ૨ નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારો દ્વારા ડોર ટુ ડોર પ્રચાર અભિયાન ચાલી રહ્યું છે.

● ગાંધીનગર જિલ્લામાં ઠંડીનો ચમકારો વધતાં મોર્નિંગ વોકર્સ અને રનર્સ ગૃપ વિસ્તાર પામી રહ્યા છે. જોકે સવારે ધુમ્મસ તેમજ ઝાકળને કારણે વાતાવરણ વધુ ઠંડુ બની જાય છે.

● ગાંધીનગર શહેરમાં શિયાળો ઉતરવાનો હોવાથી સામાજિક સંમેલનો અને જીવનસાથી પસંદગી મેળાઓનું આયોજન બહુ થાય છે.

● ગાંધીનગર શહેરમાં આજે પણ ભારે લગ્નો યોજાયા હતા.

# લો..બોલો... શહેરમાં નવા વૃક્ષો માટે ઠેર ઠેર ખાડા કરાયા



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## ઉધઈનો ભયંકર ભરડો અને ટ્રીમીંગનો સદંતર અભાવ જેવી હયાત પરિપકવ વૃક્ષો પ્રત્યેની તંત્રની ગંભીર બેદરકારી નજર અંદાજ

ગાંધીનગર, તા.૧૪

શહેરમાં જંગલખાતાએ નવા વૃક્ષો વાવવા માટે ઠેર ઠેર ખાડા કરી દીધા છે. વધુમાં તંત્ર સેકટરમાંથી બહાર નીકળવા માટેના માર્ગો તેમજ દુકાનો આગળ જ આ પ્રવૃત્તિ શરૂ કરી દેતાં લોકોમાં ઉગ્ર વિરોધ નોંધાયો છે તો બીજી તરફ શહેરમાં ઘટાદાર અને પરિપકવ વૃક્ષોને ઉધઈનો ભયંકર ભરડો તથા ટ્રીમીંગ જેવી અતિ જરૂરિયાત જેવી કાર્યવાહી ન કરીને વૃક્ષોનું નિકંદન નીકળી રહ્યું હોવાનો બળાપો પણ નગરજનો વ્યકત કરી રહ્યા છે. જયારે હાલમાં કરેલા આ ખાડા પણ બિનજરૂરી અને હયાત વૃક્ષોની લગોલગ થયેલા હોવાથી ફકત નાણાંનો વ્યય જ હોવાનું જણાઈ રહ્યું છે.

જંગલ ખાતાની સ્વચ્છંદી પ્રવૃત્તિની નગરમાં ઉગ્ર ટીકા થઈ રહી છે. એક તરફ હયાત પરિપકવ વૃક્ષોની કાળજી જ લેવાતી નથી ત્યારે નગરજનોને બાનમાં લેવા ફુટપાથની નજીક અને સેકટરોની બહાર નીકળવાના ટુંકા માર્ગે જ ઠેર ઠેર ખાડા કરી દીધા છે. વધુમાં જાણવા મળ્યા મુજબ આ ખાડામાં વૃક્ષોના છોડ વાવીને આજુબાજુ લોખંડની ફેન્સીંગ કરવાનું નક્કી થયેલું હોવાનું જાણવા મળેલ છે. તંત્રની લોકોની અગવડતાને વધારવાના આ નિર્ણયનો ચોમેર વિરોધ થઈ રહ્યો છે તેમજ આ અંગે કોઈ પણ જાતના અભિપ્રાય ન લેવામાં આવતાં બિનજરૂરી નાણાંના વ્યય સામે આક્રોશ ફાટી નીકળ્યો છે.

હરીયાળા નગરની ઓળખ ધરાવતા ગાંધીનગરમાં આવેલા અસંખ્ય વૃક્ષોની કાળજી સમયસર લેવામાં તંત્ર ઊણુ ઉતર્યું છે. જેમાં તંત્રની બેદરકારીથી ઘટાટોપ વૃક્ષો ઉધઈના ભયંકર ભરડાથી ખોખલા બની ધરાશાયી થવાની તૈયારીઓમાં છે તો બીજી તરફ વૃક્ષોના ટ્રીમીંગ થતાં જ નથી જેથી ભારે પવનો અને વરસાદ થકી આવા વૃક્ષો પડી જાય છે. આમ તંત્ર પોતાની કામગરીમાં સદંતર નિષ્ફળ નિવડયું છે ત્યારે ફકત કાગળ ઉપર વૃક્ષોની સંખ્યા દર્શાવવા વધુ વૃક્ષો વાવવાની કાર્યવાહી કરી ઢાંક પિછોડો કરી રહ્યું હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. નગરમાં ઠેર ઠેર ખોદી નાખેલા ખાડામાં પણ વ્હાલા દવલાની નીતી અખત્યાર કરાઈ છે અને નગરજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે પ્રજાનાઅમુલ્ય નાણાંનો વેડફાસ અટકાવી લોકોનો અભિપ્રાય મેળવીને જ આ પ્રવૃત્તિ હાથ ધરાય તેવી માંગ ઉઠી છે.

## પકવાન પાસે પખવાડીક સુધી ટ્રાફિકના નિયંત્રણ

અમદાવાદ, તા.૧૪

શહેરમાં એસ જી હાઈવે પરના પકવાન ચાર રસ્તા ખાતે ટ્રાફીકનું ભારણ દિન પ્રતિદિન વકરો થતો જાય છે. જેના કારણે પ્રદુષણની સમસ્યાના સમાધાનને પગલે ટ્રાફીકને ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. જેથી ટ્રાફીક સરળતાથી અને રોકાયા વગર પસાર થઈ શકે. જેને પગલે પોલીસ કમિશનર શિવાનંદ ઝાએ જાહેરનામુ બહાર પાડ્યું છે. શહેરના એસ જી હાઈવે પર આવેલું પકવાન ચાર રસ્તા પર પખવાડિક એટલે કે તા. ૧૫-૨-૧૬ થી તા. ૨૯-૨-૧૬ સુધી કોઈ પણ વાહન જમણી બાજુ વળી શકાશે નહી એટલે કે સવારે ૮થી૧૧ અને સાંજના ૫થી૯ વાગ્યા સુધી રાઈટ ટર્ન પરતદ્દન હંગામી ધોરણે પ્રતિબંધ મુકવવામાં આવ્યું છે.

## કુટુંબ સહાયતા કેન્દ્રમાં પોલીસ દ્વારા ઘરકંકાસના ૧૭૦ કેસોમાં સમાધાન

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા જિલ્લા મહિલાઓની તથા અન્ય પીડીતોની માનસિક સ્થિતિને ધ્યાને લઈ કુટુંબ સહાયતા કેન્દ્રની શરૂઆત વર્ષ અગાઉ કરવામાં આવી હતી. જેમાં ૬ માસના ગાળામાં પોલીસ દરમિયાનગીરી કરી ૧૭૦ ઘરકંકાસના કેસોમાં બન્ને પક્ષે સમાધાન કરાવીને પરીવારોને સમરસ બનાવ્યા છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ હેઠળ જીવન આસ્થા હેલ્પલાઈન મહિલા સુરક્ષા પ્રોજેક્ટ તથા કુટુંબ સહાયતા કેન્દ્ર ચલાવવામાં આવી રહ્યા છે. ઘરોમાં ચાલતા પારીવારીક ઝઘડા દહેજની માંગને લઈને ત્રાસ, પતિ-પત્ની વચ્ચેના અણબનાવો, પડોશી સાથેના ઝઘડા જેવા બનાવો ચાલતા હોય છે. જેમાં પોલીસની દરમિયાનગીરી ઈચ્છતા હોય છે. પરંતુ પોલીસ ફરિયાદ થાય તો પરીવારની આબરૂ જતી હોવાની બીક રહેતી હોય છે. આથી પોલીસ દ્વારા કુટુંબ સહાયતા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસ ફરિયાદ કર્યા વિના પોલીસ દ્વારા બંને પક્ષોને સાથે રાખી સમાધાનના પ્રયાસ કરવામાં આવે છે. આ કેન્દ્ર શરૂ થયાના ૬ માસમાં કુલ ૨૦૨ કેસ સહાય માટે આવ્યા હતા. જેમાં પોલીસે ૧૭૦ કેસોમાં સમાધાન કરાવ્યા છે. આ સહાયતા કેન્દ્રમાં તાલીમ કાઉન્સીલરો દ્વારા કાઉન્સેલીંગ આપવામાં આવે છે. પોલીસની આ કામગીરીથી પોલીસની પ્રશંસા થઈ રહી છે.

## સેક્ટર-૨૪માં ૩ વર્ષના માસુમ બાળકનુ પાણીની ટાંકીમાં ડુબી જતા કરૂણ મોત

### માતા બાળક સાથે સેક્ટર-૨૪ ઈન્દિરાનગર પોતાના પિયરમાં આવી હતી જ્યાં આ ઘટના બની હતી

ગાંધીનગર, તા. ૧૪

શહેરના સેક્ટર-૨૪ સ્થિત ઈન્દિરાનગરમાં બપોરે ઘર આગળ બનાવેલી પાણીની ટાંકીમાં ૩ વર્ષનું બાળક પડી જતા ગુંગળાઈ જવાથી તેનું કરૂણ મોત નિપજ્યું હતું. બાળક અકાળે મોત થતા તેની માતા ભારે શોકમાં સરી પડી હતી. આ મામલે સેક્ટર-૨૧ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના સેક્ટર-૧૪ ગોકુળપુરામાં રહેતા અને રીક્ષા ચલાવતા ઉત્તમભાઈ સોલંકીની પત્ની પુત્ર પ્રદિપને લઈ સેક્ટર-૨૪ ઈન્દિરાનગર સ્થિત તેના પિયરમાં ગઈ હતી. બપોરના સમયમાં ૩ વર્ષનો પુત્ર પ્રદિપ પોતાના નાનાના ઘર આગળ રમતો હતો. જ્યાં ઘર આગળ પાણીની અંડર ગ્રાઉન ટાંકી બનાવેલી હતી જેની ઉપર લાકડાનું પાટીયુ મુક્યુ હતુ. આ દરમિયાન ૩ વર્ષનો પ્રદિપ રમતો રમતો આ પાણીની ટાંકીમાં પડી ગયો હતો અને થોડી જ ક્ષણોમાં વધુ પડતુ પાણી પી લેતા બાળકનું ગુંગળાઈને પ્રાણ પંખીડુ ઉડી ગયુ હતુ. આ ઘટના બનતા આસપાસના રહિશો દોડી આવ્યા હતા અને બાળકને બહાર કાઢ્યું હતું. પરંતુ તે મોતનો કોળીયો બની ગયો હતો. ૩ વર્ષના માસુમ બાળકનુ મોત થતા માતા ભારે શોકમાં સરી પડી હતી. આ મામલે સેક્ટર-૨૧ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી બાળકના મૃતદેહને પીએમ અર્થે મોકલી આપ્યો હતો. આ ઘટના અંગે હેડ કોન્સ્ટેબલ બળદેવભાઈ પુંજાભાઈ તપાસ ચલાવી રહ્યા છે.

## ફીનલેન્ડ સરકારે વેસ્ટ મેનેજમેન્ટ સહિતના ક્ષેત્રોમાં ગુજરાતમાં રોકાણ કરવા દર્શાવેલી તત્પરતા

ગાંધીનગર, તા. ૧૪

મુંબઈ ખાતે યોજાઈ રહેલા મેઈક ઈન ઈન્ડિયા વીકના પ્રથમ દિવસે ગુજરાત સરકારે ફીનલેન્ડ સરકાર સાથે જીએસેફસી યુનિવર્સિટી અંગે કરાર કર્યા હતા. મુંબઈ બીકેસી સોફીટેલ હોટલ ખાતે ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિ મંડળે ફીનલેન્ડના વડાપ્રધાન જુહા સિપીલાના પ્રતિનિધિ મંડળ સાથે ગુજરાત વેસ્ટ મેનેજમેન્ટ, ઊર્જા, આરોગ્ય તેમજ શિક્ષણમાં ટેકનોલોજી ક્ષેત્રમાં રોકાણ કરવા અંગે વિસ્તૃત મંત્રણાઓ કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં મુંબઈ નેશનલ સ્પોર્ટસ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા મેઈક ઈન ઈન્ડિયા વીક કાર્યક્રમમાં પણ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ફીનલેન્ડના પ્રતિનિધિ મંડળને ગુજરાત આવવા આમંત્રણ આપ્યું હતું. તેમણે વડોદરા મહાનગર પાલિકા સાથે વેસ્ટ મેનેજમેન્ટ ક્ષેત્રે તકનીકી જ્ઞાનના આદાન પ્રદાન માટે ગુજરાત સરકાર, મહાનગરપાલિકા અને ફિનલેન્ડના પ્રતિનિધિઓ સાથે તાકીદની બેઠક કરશે, તેમ પણ જણાવ્યું હતું.

ફીનલેન્ડના વડાપ્રધાન જુહા સિપીલાએ બિન પરંપરાગત ઉર્જા, આઈટી, આરોગ્યક્ષેત્ર, શિક્ષણક્ષેત્રે ટેકનોલોજી અને તાલીમ, માઈન ઈન્ડસ્ટ્રીઝ, ફાર્માસ્યુટીકલ ઈન્ડસ્ટ્રીઝ, શીપ બિલ્ડીંગ ક્ષેત્રમાં ભાગીદાર બનવા તેમના દેશના ઉદ્યોગકારો ગુજરાતમાં રસ દાખવે છે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

બેઠકમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી અરવિંદ અગ્રવાલે જણાવ્યું હતુ કે, ફાર્માસ્યુટીકલ ક્ષેત્રમાં ગુજરાત અગ્રેસર છે અને તે માટે પણ ગુજરાતમાં વિપુલ તકો રહેલી છે.

આ બેઠકમાં ફીનલેન્ડ સરકારના એમ્બેસેડર શ્રી અપ્પયુ પોલ્હો સહિત શ્રી અન્ના કેસા હીકીનને, શ્રી કિમ્મો લેહડેવીરતા, શ્રી મારકુસ રૂરામો, શ્રી માત્તી પેટ્ટી સહિત ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અજય ભાદુ, ઉદ્યોગ કમિશનરશ્રી મમતા વર્મા, ગુજરાત મેરીટાઈમ બોર્ડના મેનેજીંગ ડીરેકટરશ્રી એ.કે. રાકેશ સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજયના અંદાજપત્ર પ્રવચનને કેબીનેટ આખરી ઓપ આપશે

આગામી બુધવારના રોજ મળનારી કેબીનેટ બેઠકમાં નાણામંત્રીના અંદાજપત્ર પ્રવચનને આખરી ઓપ આપી મંજુરી આપવામાં આવશે. નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિદાનસભાનું અંદાજપત્ર સત્ર આગામી ૨૨મી ફેબ્રુઆરીથી શરૂ થઈ રહ્યું છે ત્યારે નાણા વિભાગ રજાઓમાં પણ ધમધમી રહ્યું છે અને અંદાજપત્ર તૈયાર કરવાની કામગીરીમાં વ્યસ્ત બન્યું છે. ગત સપ્તાહે નાણામંત્રીના અધ્યક્ષપદે તમામ વિભાગોના વડા સાથે મેરેથોન બેઠકનો દોર હાથ ધરીને નવી યોજનાઓને મંજુર કરીને અંદાજપત્રમાં સમાવેશ કરી દેવામાં આવ્યો છે. ૨૨મીથી વિધાનસભાનું સત્ર શરૂ થઈ રહ્યું છે. ૨૩મીના રોજ રાજયના નાણામંત્રી સૌરભભાઈ પટેલ વર્ષ ૨૦૧૬-૧૭નું અંદાજપત્ર રજુ કરનાર હોઈ નાણા વિભાગ દ્વારા નાણામંત્રીનું અંદાજપત્ર પ્રવચન તૈયાર કરી દેવામાં આવ્યું છે.

